## **–ઃ આંકઃ ૧ લગત હુકમ ઃ–**

## **C.C.NO.107444-2024**

**(૧)** આ કામના આરોપી સામે ધી ઈ.પી.કો. કલમ–૨૭૯,તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ મુજબના ગુનાનો આરોપ છે. આ કામના આરોપીનાઓ હાજર થઈ તેઓએ પોતાની સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગનાંછે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ઘ્યાને લેતાં તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિઘ્ધાંતને ઘ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ઘ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**–ઃ હુ ક મ ઃ–**

**૧).** આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે ધી ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪, મુજબના ગુનામાં રૂ. ૧૫૦૦/– .(અંકે રૂપિયા પંદરસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ના ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪ મી., માહે. સપ્ટેમ્બર , સને – ૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૪ /૦૯ /૨૦૨૪

**(વી. એ. ધાધલ)**
છઠ્ઠા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર.

**અમદાવાદ શહેરના છઠ્ઠા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**સાહેબશ્રીની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.**

**ક્રિમીનલ કેસ નં. _**
**આંક:–**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :–

## <u>:: ગુના કબુલાત પુરસીસ ::</u>

અમો આરોપી સદરહું કામે ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરી જણાવીએ છીએ કે, અમો ગરીબ વર્ગના છીએ, બાળબચ્ચાવાળા છીએ. સદરહું ગુન્હો અમોથી ભુલથી થયેલ છે અને તે ગુન્હો કરવાનો અમારો બદઈરાદો ન હતો. અમારો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અમો રીઢા ગુનાગાર નથી અને હવે પછી આ ગુન્હાનું પુનરાવર્તન અમો નહીં કરીએ તેની ખાતરી આપીએ છીએ. તેથી એક સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપીને અમને હળવી સજા કરવા વિનંતી કરીએ છીએ.

**તા.  /  /૨૦૨૪** ..........................................
સ્થળ:અમદાવાદ. **( આરોપીની સહી )**

રેર્કોડેડ

**(વી. એ. ધાધલ)**
છઠ્ઠા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર.

## અમદાવાદ શહેરના ૬ઠ્ઠા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, મુ. અમદાવાદ શહેર.

**<u>આરોપી નંબર.........ની જુબાની</u>**

**ક્રિમીનલ કેસ નં.**
**આંક:–**

મારું નામ :–

બાપનું નામ :–

મારી ઉંમર :–

ધંધો :–

રહેવાસી :–

સવાલ :– તમોને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળી છે ?

જવાબ :– હાજી.

સવાલ :– તમો આરોપીને ફરીયાદ હકીકત વાંચી–સંભળાવી સમજાવવામાં આવતા સદર ગુનો તમોને કબુલ છે કે તમો કેસ આગળ ચલાવવા માંગો છો ?

જવાબ :– મને ગુનો કબુલ છે.

મારી રુબરુ

________________________

**(આરોપીની સહી)**

**તા. / /૨૦૨૪**

સ્થળ:અમદાવાદ.

**(વી. એ. ધાધલ)**
છઠ્ઠા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર